CCPS
CENTER FOR CHEMICAL PROCESS SAFETY
An AIChE Industry Technology Alliance

Process Safety Beacon

http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx


ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યક્તિઓ  માટે સંદેશો


Sponsored by CCPS Supporters

# તમે બીકન થી ફાયદો કેવી રીતે  મેળવશો ?

ફેબ્રુઆરી – ૨૦૦૮







કોઈપણ સંસ્થા માં સારી સુરક્ષા સંસ્કૃતિ જાળવી રાખવા માટે સંવેદનશીલતાની ભાવના બનાવી પડે છે.  બીજા શબ્દોમાં આપણે હંમેશા આપણી પ્રક્રિયા તથા રસાયણો સાથે સંકળાયેલા જોખમોને યાદ રાખી ને ધ્યાનથી કામ કરવું જોઈએ. જો આપણી સુરક્ષા સંસ્કૃતિ સારી અને અસરકારક હશે તો તેને પરીણામ સ્વરૂપ અકસ્માતનું પ્રમાણ ઓછું હશે, પરંતુ તે આપણને આત્મસંતોષ તરફ દોરી જાય છે અને આપણે એ ભુલી જઈએ છીએ કે શામાટે આપણે પ્રક્રિયા સુરક્ષા વ્યવસ્થાપન કરીએ છીએ, જેનાથી સારી કાર્યસિધ્ધિ અને ઓછા અથવા શુન્ય અકસ્માત ના પરીણામ મળે છે. આથી એ જરૂરી બની જાય છે કે આપણે બેકન કે એવા બીજા રીસોર્સીસ વાપરીએ જે આપણને યાદ અપાવે કે જો આપણે આ બધી સક્રિય પ્રવૃતિઓ ન કરીએ તો શું બની શકે છે – જેવા કે જોખમોની ઓળખ અને સંભવિત ભયનું વિશ્લેષણ (જેમાં આપણા ખુબ વિદ્વાન માણસો દ્વારા પ્રક્રિયા જોખમોના વિશ્લેષણાત્મક અભ્યાસ),  કામ કરવાની પધ્ધતિઓ, માલમિલકત ની અખંડતા અને વિશ્વનીયતા, વ્યવસ્થાપનમાં બદલાવ, કટોકટીનું વ્યવસ્થાપન, અકસ્માતની તપાસ, ઓડીટીંગ અને અન્ય. આપણે બીકનમાં  જેટલાં અકસ્માતોની ચર્ચા કરીએ છીએ તે બધાં  જ આ પ્રકારના એક અથવા વધારે મહત્વપુર્ણ પ્રક્રિયા સુરક્ષા પધ્ધતીઓ માં ખામી  રહી જવાથી  સર્જાયા હતા.

## શું તમે જાણો છો  ?

• લગભગ બધાં જ અકસ્માતો એક કરતાં વધારે ખામી ને કારણે થયા હતા, કેટલીક ખામી નીયરમીસ બનવા માટે કારણભુત બન્યા, જેને કારણે કોઇ અકસ્માત તે વખતે થયો ન હતો પણ થઈ શકે તેમ હતો.

•લગભગ બધાં જ મહીને, બેકનને ઘણાં બધા ઈ-મેઈલ મળે છે જે વર્ણવેલ અકસ્માત સીવાય બીજા શીખવા લાયક મુદા પ્રત્યે અંગુલીનિર્દેશ કરે છે, જેની ચર્ચા બેકનમાં કરવામાં આવી નહતી.

•કારણ કે બેકનમાં મર્યાદિત જગ્યા હોય છે, જેથી આપણે અકસ્માતમાંથી લેવા જેવા એકાદ બોધ લઈએ છીએ અને બેકનને એ બોધ પ્રત્યે જ કેન્દ્રીત કરીએ છીએ, પણ તેમાં અન્ય ઘણાંબધાં બોધ પણ હોય છે.

•જયારે જયારે અકસ્માત વિશે અહેવાલ જાહેરમાં ઉપલબ્ધ હોય ત્યારે અમે તેનો નિર્દેશ બેકન મોકલાતી વખતે ઈ-મેઈલ માં કરીએ છીએ.

## તમે શું કરી શકો ?

• સારુ – બેકનને એવી જગ્યાએ લગાવો જેથી કરીને કામદારો તેને જોઈ શકે અને વાંચી શકે, દા.ત. બુલેટીન બોર્ડ, લોકર રૂમ, લંચ રૂમ, કંટ્રોલ રૂમ, મેઈન ગેટ પાસે, વિગેરે.

•વધારે સરસ – બેકનને આધાર બનાવી કામદારો તથા ઓપરેટરો સાથે સુરક્ષા મેળાવડો અથવા તો બીજી કોઈ સુરક્ષાની મંત્રણાનું આયોજન કરો.

•ઘણુ વધારે સરસ – બેકનમાં પ્રકાશિત માહિતીને સંલગ્ન તમારા પ્લાન્ટ વિશેની વધારાની માહિતી ભેગી કરો જેમાં તેના જેવો કોઈ અકસ્માતની અથવા નીયરમીસ અકસ્માત ને પણ ઉમેરો અને આ માહિતી કામદારો સાથે ચર્ચા કરો.

•એકદમ ઉતમ – કારખાનાના વ્યવસ્થાપકો બેકનની કામદાર સાથે ચર્ચા કરવા આગળ આવશે  અને તેમને આ અકસ્માતમાંથી બેકનમાં વર્ણવેલ બોધ સિવાયના બીજા શીખવાલાયક મુદા શોધી કાઢવા પ્રોત્સાહિત કરશે. ઉપરાંત કારખાનાની સુરક્ષા સમિતિને પણ તેમના કામમાં બેકનનો ઉપયોગ કરવા પ્રોત્સાહીત  કરશે.

**બીજાઓના અનુભવ માંથી શીખો !**

AIChE © 2008. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged.  However, reproduction for the purpose of resale by anyone other than CCPS is strictly prohibited.   Contact us at ccps_beacon@aiche.org or 212-591-7319

**The Beacon is usually available in Arabic, Chinese, Danish, Dutch, English, French, German, Gujarati, Hebrew, Hindi, Hungarian, Italian, Japanese, Korean, Malay, Marathi, Persian, Portuguese, Russian, Spanish, Swedish, and Thai.**